ડી. જી. રામચંદાણી
મુખ્ય ઈજનેર

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
જલસેવા ભવન, એરફોર્સની સામે, સેક્ટર-૧૦ એ,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૯૯૭૮૪૪૧૧૦૧-૦૫, ફેક્સ : ૦૭૯ ૨૩૨ ૨૫૯૭૨-૭૯
E-mail : gwssb.monicell@gmail.com, setechcell@gmail.com

જા.નં./ટેકસેલ/ટેંડર ક્લોઝ ફેરફાર/પરિપત્ર/૨૪૪ તા.૧૧/૦૨/૨૦૨૧

# પરિપત્ર

વિષય:- ટેન્ડરમાં રાખવામાં આવતાં પ્રાઇઝ વેરીએશન કલોઝમાં તેમજ અન્ય ક્લોઝમાં ફેરફાર કરવા બાબત.

સંદર્ભ:- તા.૦૬/૦૨/૨૦૨૧ના રોજ મળેલ ૨૮૨મી બોર્ડ બેઠકની કાર્યવાહી નોંધ

**પ્રસ્તાવના:-**

ટેન્ડરમાં રાખવામાં આવતાં પ્રાઇઝ વેરીએશન અને અન્ય કલોઝ બાબતે મુખ્ય ઇજનેરશ્રીઓના સૂચનો મળેલ. જે મુજબ પ્રવર્તમાન ટેન્ડરની જોગવાઇઓ પ્રમાણે જો કોઇ પણ કારણોસર કામમાં વિલંબ થાય અને કામ પૂર્ણ થવાની સૂચિત તારીખ પછી જો ઠેકેદારશ્રી માલ-સામાન સપ્લાય કરે તો ભાવોમાં વધારો મળવાપાત્ર થતો નથી પરંતુ ઘટાડો થાય તો તે મુજબનું ચૂકવણું કરવામાં આવે છે. આ ઉપરાંત, ટેન્ડરની પ્રવર્તમાન જોગવાઇ મુજબ પાઇપોના જથ્થામાં વધારો થાય અથવા જો નવી આઇટમનો ઉમેરો થાય તેવા કિસ્સા માટે ઠેકેદારશ્રીને પ્રાઇઝ વેરીએશનનો વધારો મળવા પાત્ર થતો નથી.

આ અંગે ક્ષેત્રિય કચેરીના સૂચન મુજબ બોર્ડ સભ્ય મંડળની બેઠક નં. ૨૮૨ તા. ૦૬/૦૨/૨૦૨૧માં ટેન્ડરમાં રાખવામાં આવતાં પ્રાઇઝ વેરીએશન કલોઝમાં તેમજ અન્ય કલોઝમાં ફેરફાર કરવા જરૂરી મંજુરી આપવાનું ઠરાવેલ છે.

**પરિપત્ર-**

પાણી પુરવઠા યોજનાના ટેન્ડરમાં રાખવામાં આવતાં પ્રાઇઝ વેરીએશન કલોઝમાં નીચેની વિગતે ફેરફારને આધીન અમલવારી કરવાની રહેશે.

(૧) કામ પૂર્ણ કરવાની મુદત જ્યારે અને જેટલા દિવસો પૂરતી પેનલ્ટી વગર ઠેકેદારની જવાબદારી ન હોવાના લીધે લંબાવવામાં આવે, ત્યારે તે સમયગાળા દરમ્યાન મૂળ ટેંડરમાં દર્શાવેલ પાઈપના જથ્થા પૂરતુ લીધેલ પાઈપના માલસામાન ઉપર પ્રાઈઝ વેરીએશન મળવા પાત્ર થશે જે કીસ્સામાં સમય મર્યાદા પેનલ્ટી સાથે લંબાવી છે ત્યાં મુદત વધારવામાં પેનલ્ટીના છેલ્લા દિવસો છે તેમ ગણવાનુ રહેશે.પેનલ્ટીના છેલ્લા દિવસોમાં ખરીદ કરેલ પાઈપો પર પ્રાઈઝ વેરીએશનના કારણે વધારો મળવા પાત્ર રહેશે નહી, પરંતુ જો ભાવો ઘટે તો તે વેરીએશનની રકમ કાપવામાં આવશે.

પાઈપની આઈટમમાં એક્સેસ અને એક્ટ્રા આઈટમ પર પ્રાઈઝ વેરીએશન મળવાપાત્ર રહેશે નહી.

(૨) ટેંડરોમાં સિવિલ/યાંત્રીકના કામો સાથે મરામત અને નિભાવણીની જોગવાઈઓ સાથે બહાર પાડવામાં આવે છે, તેવા ટેન્ડરોમાં ઈજારદારો મરામત અને નિભાવણીને અંદાજીત કિંમત કરતા ઓછા ભાવો ભરી શકશે નહી. ઈજારદારે કુલ મરામત અને નિભાવણીના સમય માટે એક જ ભાવ ભરવાના રહેશે, મંજૂર થયેલ ટેન્ડર મુજબની મરામત અને નિભાવણીની કુલ રકમ પૈકી દર વર્ષે ટેન્ડરમાં દર્શાવેલ શિડયુઅલ ઓફ પેમેન્ટ મુજબ કરવાનુ રહેશે. ઉક્ત બાબતઓ અમલ ઓનલાઈન ટેન્ડરોમાં પણ કરી શકાશે.

આ બાબતે ઉપરોક્ત ટેન્ડર ક્લોઝમાં સુધારાની બાબતનું સરખામણી પત્રક માર્ગદર્શીકા તરીકે આ સાથે સામેલ છે.

બિડાણ: સરખામણી પત્રક

(ડી. જી. રામચંદાણી)
મુખ્ય ઈજનેર

**<u>નકલ સાદર રવાના પ્રતિ,</u>**

- માન. સચિવશ્રી (પા.પુ), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, બ્લોક નં- ૭, નવમો માળ, સચિવાલય, ગાંધીનગર.
- માન. અધ્યક્ષશ્રીના કાર્યકારી સચિવશ્રી, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર.
- માન. સભ્ય સચિવશ્રી, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર.
- અધિક સચિવ અને મુખ્ય ઇજનેરશ્રી, નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, બ્લોક નં- ૭, નવમો માળ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય કાર્યકારી અધિકારીશ્રી, વાસ્મો, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી, ઝોન-૧, વડોદરા, ઝોન-૨, અમદાવાદ, ઝોન-૩, રાજકોટ, ઝોન-૪, કચ્છ-ભૂજ, ઝોન- ૫, જુનાગઢ.
- પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, અર્બન સેલ, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર.
- ચીફ જનરલ મેનેજરશ્રી (પ્રોજેક્ટ), જી.ડબલ્યુ.આઈ.એલ., ગાંધીનગર
- માસ્ટર ફાઇલ.

| | Prevailing | | Revision |
|---|---|---|---|
| 1 | **(CLAUSE-1) Security Deposit:**<br>In case the contractor quotes less than the rates of ......% **(% of estimated cost for O&M with respect to capital cost)**of estimated cost for O&M work, the difference between O&M cost as per ......% **(% of estimated cost for O&M with respect to capital cost)** of the contract value and their quoted price shall have to be paid by the contractor in the form of security deposit to GWSSB, in addition to the required security deposit as per O&M contract. | 1 | **(CLAUSE-1)**<br>In the tenders Civil/ Mechanical Capital works with operations and maintenance, the bidder cannot quote the rates less than the estimated cost.<br>The bidder shall quote the single amount for complete O & M Period which shall be divided between the years as per the Schedule of Payment mentioned in the Tender Documents. |
| 2 | **(CLAUSE-59) Price Variation Clause:**<br>The variation shall not be taken in to consideration for extension of time limit if any granted at the request of the Contractor. In case where time limit is extended on request of the Contractor any increase in such price variation shall not be admitted to the Contractor but decrease in such price variation as above shall be made applicable. Price variation effect shall be calculated by concerned Division & shall be verified by paying authority prior to making payment. | 2 | **(CLAUSE-59)**<br>If the time limit is extended without penalty and the delay does not pertains to the contractor, then in such case Price Variation on the pipes shall be applicable restricted to the Bill of Quantities mentioned in tenders.<br>If the time limit is extended with the penalty, than days on which penalty is arrived shall be counted from the actual date of completion. For pipes purchased during the penalty days, positive price variation shall not be applicable, where as negative variation is applicable.<br>For Excess and Extra items price variation shall not be applicable.<br>Price variation effect shall be calculated by concerned Division & shall be verified by paying authority prior to making payment. |